<u>ફોજદારી કેસ નં. ૧૪૪૦૦/૨૦૨૪</u>

<u>ચલણ નં.જીજે ૪૧૬૦૬૦૪૨૩૦૫૧૨૧૦૪૫૩૧</u>

<u>વાહન નંબર :– જીજે.૨૭.એ.એ.૫૫૯૩</u>

**<u>આંક–૧ ની ફરીયાદ લગત હુકમ.</u>**

અરજી વંચાણે લીધી, સાંભળ્યા. આ કેસ હાલના આરોપી સામે ફરીયાદીએ મોટર વ્હીકલ એકટની જોગવાઈના ભંગ બદલ દાખલ કરેલ છે. આરોપી સામે કેસ દાખલ થતા સ્વેચ્છાએ કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા બિનશરતી રીતે પોતે ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે કે , ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો નહી કરે તથા આ પોતાનો પ્રથમ ગુનો છે તથા પોતે સામાન્ય વર્ગની વ્યકિત છે અને પોતાની રોજગારી માટે વાહન લઈ જવું ચલાવવું જરૂરી હતું, તે દરમ્યાન અજ્ઞાનતા અને શરતચુકથી જોગવાઈનો ભંગ થયેલ છે. પોતાને અગાઉ કોઈ ગુનામાં સજા થયેલ નથી કે આવો કોઈ ગુનો કરેલ નથી. પોતાના ઉપર કુટુંબની જવાબદારી છે, ગુના બદલ પોતાને પસ્તાવો થાય છે તથા ભયની લાગણી અનુભવે છે, પોતાની ભુલ સમજાઈ ગઈ છે. ભવિષ્યમાં આવી ભુલ નહી કરે અને ટ્રાફીકના કાયદાનું પણ પાલન કરશે તેની ખાત્રી આપે છે. વધુમાં જણાવેલ છે કે, આ સંજોગોમાં પોતાને માફ કરવામાં આવે અને કોઈ સજા કે દંડ નહી કરતા સુધારવા તક આપવામાં આવે.

આરોપીની રજુઆત સાંભળી, કેસની હકીકત ધ્યાને લીધી. આરોપીએ મોટર વ્હીકલ એકટની જે જોગવાઈઓનો ભંગ કરેલ છે તે ધ્યાને લીધી. કેન્દ્ર સરકારે મોટર વ્હીકલ એકટમાં ઘણા બધા સુધારા કરી દંડની રકમમાં વધારો કરેલ છે અને તેની પાછળનું કારણ લોકો ટ્રાફીકના નિયમો અને કાયદાની જોગવાઈ અનુસરે તે છે. આ ઉપરાંત ત્યારબાદ ગુજરાત સરકારે તેના અધિકારો વાપરી ગુજરાતના લોકોની આર્થિક સ્થિતિ તથા સામાજીક અને ભૌગોલિક પરિસ્થિતિ તેમજ કાયદાકીય બાબતોની જાણકારી વિગેરે ધ્યાનમાં રાખી જે ગુના માંડવાળ થવા પાત્ર હતા તેવામાં માંડવાળની રકમ નકકી કરેલ છે.

<u>// હુ ક મ //</u>

આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવેલ ગુન્હો સ્વેચ્છાએ કોઈપણ જાતના દબાણ કે લાલચ વગર કબુલ કરેલ હોઈ આરોપીની સ્વૈચ્છિક કબુલાત સ્વીકારી તેને મોટર વ્હીકલ એકટ–૧૭૭ ના ગુન્હાના ભંગ બદલ સદર અધિનિયમની કલમ મુજબ શિક્ષાપાત્ર ગુન્હા માટે સી.આર.પી.સી. કલમ–૨૫૨ મુજબ તકસીરવાર ઠરાવી રૂા.૧૦૦૦/– (અંકેરૂપિયા એકહજાર પુરા) નો દંડ, અને જો દંડ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ :– ૦૯/૦૩/૨૦૨૪.
અમદાવાદ

**( એચ. એસ. દવે)**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ.
કોડ નં. જીજે૦૦૬૯૩.